PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૬૦/કવા–૦૩/૧૭–૧૮/ 39487 તા. 11-5-18

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
જાડેજા અશોકસીહ જી.,
૬૩–ગુણાતીત નગર,
માલવીયા કોલેજ પાછળ,
દોશી હોસ્પીટલ ની બાજુમા,
ગોંડલ રોડ, રાજકોટ
મો: ૯૮૭૯૫ ૭૬૩૬૩

વિષય :–નવા ખેતીવાડી વીજ જોડાણ બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૦૬–૦૩–૧૮ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૬૦/કવા–૦૩/૧૭–૧૮ )

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તંકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા.. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી જસદણ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વીભાગીય કચેરી, ત્રંબા

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

| કેસ નં. : સીજીઆરએફ : ૬૦/ક્વા–૦૩/૧૭–૧૮ | કમિટી મીટીંગ: તા. ૦૩–૦૫–૧૮ | સ્થળ : રાજકોટ |
|---|---|---|

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (ફરીયાદી): નામ: જાડેજા અશોકસીહ જી., ગામ: રાજકોટ**

**રજુઆત કરનાર: અરજદાર હાજર રહેલ ન હતા.**

## વિરૂધ્ધ

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : પેટા વીભાગીય કચેરી, ત્રંબા (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી જસદણ)**

**રજુઆત કરનાર :પી.જે. મહેતા (કાર્યપાલક ઈજનેર શ્રી વિભાગીય કચેરી જસદણ)**

## : હુકમ :

**ફરીયાદ : નવા ખેતીવાડી વીજ જોડાણ બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ ની પાડાસણ ગામ ખાતે આવેલ વડીલો પાર્જીત જમીન ના – સર્વે નંબર: ૬૮/૧ ની જમીન ના જરૂરી તમામ દસ્તાવેજીક પેપર્સ લઈને – પેટા વિભાગીય કચેરી ત્રંબા મા અરજી કરવા જતા – પેટા વિભાગીય કચેરી ત્રંબા તરફથી અરજી ને સ્વીકારવાની ના પાડેલ છે. તો યોગ્ય ન્યાય કરી અને અરજી ને સ્વીકારવા માટે – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, અરજદાર દ્વારા પાડાસણ ગામ ખાતે આવેલ જમીન સર્વે નંબર: ૬૮/૧ મા – ખેતીવાડી વીજજોડાણ ની અરજી કરતા – પીજીવીસીએલ ની સબંધક કચેરી દ્વારા – ગ્રાહક ના લેઝર રીપોર્ટ ની ચકાસણી કરવામા આવતા – અરજદાર શ્રી ના પિતાશ્રી ગોપાલસીહ છગનભા ગ્રાહક નં: ૩૪૮૪૧/૦૦૦૬૮/૨ (૬૦૪૪૧/૦૦૦૬૮/૧) થી ઘરવપરાશ વીજજોડાણ ધરાવતા હતા. જેના બાકી લેણાની રકમ રૂ.૧૧,૯૬૯/૩૭ બાકી હોય – નામદાર કોર્ટ મા દાવા નં.૧૦૫૪/૧૯૯૭ અન્વયે થયેલ ચુકાદો તા.૧૯–૦૩–૧૭ મુજબ – પીજીવીસીએલ ની તરફેણ મા આવેલ – જેમા મુળ રકમ વ્યાજ સાથે લેવાનો આદેશ અપાયેલ. જે રકમ ભરપાઈ થયેલ ન હોવાથી – પેટા વિભાગીય કચેરી દ્વારા અરજદાર ની સદર અરજી સ્વીકારાયેલ ન હતી. ત્યારબાદ, અરજદાર ની ફોરમ મા કરાયેલ અરજી અન્વયે – અરજદાર શ્રી ને પીજીવીસીએલ ની સબંધક કચેરીમા તા.૦૨–૦૫–૧૮ ના રોજ બોલાવેલ અને ઉપરોક્ત બાબત વિગતવાર સમજાવેલ. આમ, અરજદાર ને પીજીવીસીએલ કક્ષાએથી સંતોષકારક જાણકારી મળતા – અરજદારે રાજીખુશી થી, સદર વિષય સબંધક, પીજીવીસીએલ સામે કોઈ ફરીયાદ રહેતી ન હોવા બાબતે, અરજદાર દ્વારા પીજીવીસીએલ ની તમામ લેણી રકમ તા.૦૨–૦૫–૧૮ ના રોજ ભરપાઈ કરાયેલ હોય – જેથી પીજીવીસીએલ દ્વારા અરજદાર ની સદર ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે ની અરજી ને સ્વીકારવામા આવેલ હોય – જે બાબતે અરજદાર દ્વારા તા.૦૨–૦૫–૧૮ નો લેખીત સંમતીપત્ર પીજીવીસીએલ સમક્ષ રજુ કરેલ છે. આમ, અરજદાર ની ફરીયાદ નુ, અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ, પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ થયેલ છે. |

**મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |

| | |
|---|---|
| **૩.૧** | અરજદાર ની મુદ્દા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદ્દા ન. ૨.૧ મુજબ ની વિગતે, અરજદાર ને પીજીવીસીએલ કક્ષાએથી સંતોષકારક જાણકારી મળતા, અરજદાર દ્વારા પીજીવીસીએલ ની તમામ લેણી રકમ તા.૦૨–૦૫–૧૮ ના રોજ ભરપાઈ કરાયેલ હોય – જેથી પીજીવીસીએલ દ્વારા અરજદાર ની સદર ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે ની અરજી ને સ્વીકારવામા આવેલ– સદર ફરીયાદ ના નિરાકરણ થયા સબબ અરજદાર દ્વારા તા.૦૨–૦૫–૧૮ મુજબ લેખીત સંમતીપત્ર પીજીવીસીએલ સમક્ષ રજુ કરેલ છે. આમ, અરજદાર ની ફરીયાદ નુ, અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ, પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ થયેલ છે. |

**મુદ્દા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| **૪.૧** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૧ મુજબ ની વિગતે, અરજદાર દ્વારા તા.૦૨–૦૫–૧૮ મુજબ ના લેખીત સંમતીપત્ર પીજીવીસીએલ સમક્ષ રજુ કરેલ છે. આમ, અરજદાર ની ફરીયાદ નુ, અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ, પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ થયેલ છે. તે બાબત ની બન્ને પક્ષકારો ને જાણકારી આપવામા આવે છે. |

**(શ્રીમતી કે.જે.મોટાણી )**
**સ્વતંત્ર સભ્ય**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**(એન.ડી.ધામેલીયા)**
**સભ્ય (ટેક)**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**(ટી.બી.ભીમાણી)**
**ચેરમેન**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**નોંધ** જો સદર નિણય સાથે આપ સંમંત ન હોય તો, આપ શ્રી તરફથી **સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ–૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત** અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક **હોય તો,** સદર રકમા **૩૩% રકમ પીજીવીસીએલમાં** વાંધા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.